**વિદ્યુત સ્થિતિમાન અને વિદ્યુત સ્થિતિમાનનો તફાવત**

- કોઈ પણ વિદ્યુતભાર તંત્રની આસપાસનું વિદ્યુતક્ષેત્ર બે રીતે વર્ણવી શકાય :

  (1) વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ દ્વારા (2) વિદ્યુત સ્થિતિમાન (V) દ્વારા

- વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ સદિશરાશિ છે જ્યારે વિદ્યુત સ્થિતિમાન (V) અદિશરાશિ છે.
- બંને ભૌતિકરાશિઓ વિદ્યુતક્ષેત્રમાં કોઈ પણ બિંદુ પાસે વ્યાખ્યાયિત કરી શકાય છે અને બંને એકબીજા સાથે સંકળાયેલ છે.

**વિદ્યુત સ્થિતિમાન :** એકમ ધન વિદ્યુતભારને અનંત અંતરેથી વિદ્યુતક્ષેત્રમાંના આપેલા બિંદુએ લાવતાં વિદ્યુતક્ષેત્રની વિરુદ્ધ કરવા પડતા કાર્યને તે બિંદુ પાસેનું સ્થિત વિદ્યુતસ્થિતિમાન (V) કહે છે.

- વિદ્યુતક્ષેત્રમાં $r$ અંતરે આવેલા બિંદુ પાસેનું વિદ્યુતસ્થિતિમાન એટલે બિંદુ $r$ થી અનંત અંતર સુધીનું વિદ્યુતક્ષેત્રનું રેખા સંકલન (ક્ષેત્રની વિરુદ્ધમાં)

$$V = -\int_{\infty}^{r} \vec{E} \cdot d\vec{r}$$

- અનંત અંતરે વિદ્યુત સ્થિતિમાનનું મૂલ્ય શૂન્ય હોય છે.
- વિદ્યુત સ્થિતિમાન $V = \frac{\text{કાર્ય (W)}}{\text{વિદ્યુતભાર } (q)}$ $\therefore \boxed{V = \frac{W}{q}} \Rightarrow \boxed{W = qV}$
- SI એકમ = $JC^{-1}$ અથવા Volt (V)
- CGS એકમ = State – Volt અને Ab – Volt (amu)

$$1\text{ ab – Volt (1 emu)} = 10^{-8}\text{ Volt}$$
$$1\text{ State – Volt (1 esu)} = 299.8 = 300\text{ Volt}$$

- પારિમાણીક સૂત્ર $[V] = M^1L^2T^{-3}A^{-1}$ અથવા $M^1L^2T^{-2}Q^{-1}$
- વિદ્યુતસ્થિતિમાન સાપેક્ષ ભૌતિકરાશિ છે. એક વિદ્યુતભાર સુવાહક પર $+Ve$, શૂન્ય કે $-Ve$ વિદ્યુત-સ્થિતિમાન હોઈ શકે.
- પૃથ્વીનું નિરપેક્ષ વિદ્યુતસ્થિતિમાન ઋણ છે. કારણ કે પૃથ્વી $1\,nC\,m^{-2}$ જેટલો ઋણ વિદ્યુતભાર ધરાવે છે. પરંતુ આ વિદ્યુતસ્થિતિમાનને સંદર્ભ તરીકે લઈ તેનું મૂલ્ય શૂન્ય ગણવામાં આવે છે.

**વિદ્યુતસ્થિતિમાન પર અસર કરતાં પરિબળો :**

- કોઈ પણ સુવાહક પદાર્થના વિદ્યુતસ્થિતિમાન પર નીચેનાં પરિબળો અસરકર્તા છે :

  (1) વિદ્યુતભારનું મૂલ્ય : વિદ્યુતસ્થિતિમાન વિદ્યુતભારના મૂલ્યના સમપ્રમાણમાં છે.

(2) સુવાહકનો વિસ્તાર (ક્ષેત્રફળ) : જો વિદ્યુતભારનું મૂલ્ય અચળ હોય, તો સુવાહકનું વિદ્યુતસ્થિતિમાન $V \propto \frac{1}{A}$.

(3) વિદ્યુતભારિત સુવાહકની નજીક બીજા સુવાહકની હાજરી પર :

જ્યારે વિદ્યુતભારિત સુવાહકની નજીક બીજા સુવાહક લઈ જવામાં આવે છે ત્યારે વિદ્યુતભારિત સુવાહકનું વિદ્યુતસ્થિતિમાન ઘટે છે.

(4) સુવાહકની આસપાસનું માધ્યમ : સુવાહકની આસપાસનું માધ્યમ બદલાતા તેનું વિદ્યુતસ્થિતિમાન $V' = \frac{V}{K}$ પ્રમાણે બદલાય છે. જ્યાં K = ડાઈ ઈલેક્ટ્રિક અચળાંક.

**વિદ્યુતસ્થિતિમાનનો તફાવત :**

વિદ્યુતક્ષેત્રમાંના કોઈ $P$ બિંદુએ વિદ્યુતસ્થિતિમાન $V_P = -\int_{\infty}^{P} \vec{E} \cdot d\vec{r}$

$Q$ બિંદુએ વિદ્યુતસ્થિતિમાન $V_Q = -\int_{\infty}^{Q} \vec{E} \cdot d\vec{r}$

$\therefore$ $P$ બિંદુની સાપેક્ષે $Q$ બિંદુનું વિદ્યુતસ્થિતિમાન,

$$\boxed{V_Q - V_P = -\int_{P}^{Q} \vec{E} \cdot d\vec{r}}$$

**વિદ્યુતસ્થિતિમાન બે પ્રકારના છે :**

**(1) ધન વિદ્યુતસ્થિતિમાન :** વિદ્યુતક્ષેત્રમાંના કોઈ બિંદુ પાસે અનંત અંતરેથી એકમ ધન વિદ્યુતભારને લાવવા માટે ક્ષેત્રની વિરુદ્ધમાં કાર્ય કરવામાં આવે તો તે બિંદુનું વિદ્યુતસ્થિતિમાન ધન ગણવામાં આવે છે.

- જો પદાર્થ પર પરિણામી વિદ્યુતભાર ધન હોય તોપણ તેનું વિદ્યુતસ્થિતિમાન ધન ગણવામાં આવે છે.
- જો કોઈ ધન વિદ્યુતભારિત પદાર્થને પૃથ્વી સાથે જોડવામાં આવે તો પૃથ્વીમાંથી ઈલેક્ટ્રૉન પદાર્થ પર જાય છે. આ સ્થિતિમાં પણ પદાર્થનું વિદ્યુતસ્થિતિમાન ધન ગણવામાં આવે છે.

- **ઋણ વિદ્યુતસ્થિતિમાન :** વિદ્યુતક્ષેત્રમાંના કોઈ બિંદુ પાસે અનંત અંતરેથી એકમ ધન વિદ્યુતભારને લાવવા માટે ક્ષેત્ર વડે (ક્ષેત્રની દિશામાં) કાર્ય થતું હોય તો તે બિંદુનું વિદ્યુતસ્થિતિમાન ઋણ ગણવામાં આવે છે.
  - જો પદાર્થ પરિણામી ઋણ વિદ્યુતભાર ધરાવતો હોય, તોપણ તેનું વિદ્યુતસ્થિતિમાન ઋણ ગણવામાં આવે છે.
  - ઋણ વિદ્યુતભારિત પદાર્થને પૃથ્વી સાથે જોડતા ઈલેક્ટ્રૉન પદાર્થ પરથી પૃથ્વીમાં જાય છે. આ સ્થિતિમાં પણ પદાર્થનું વિદ્યુતસ્થિતિમાન ઋણ ગણવામાં આવે છે.
- ધન વિદ્યુતભાર ઊંચા વિદ્યુતસ્થિતિમાનથી નીચા વિદ્યુતસ્થિતિમાન તરફ જ્યારે ઋણ વિદ્યુતભાર નીચા વિદ્યુતસ્થિતિમાનથી ઊંચા વિદ્યુતસ્થિતિમાન તરફ ગતિ કરે છે.
  - સામાન્ય રીતે ગણતરીમાં ધન વિદ્યુતભારનું વિદ્યુતસ્થિતિમાન ધન અને ઋણ વિદ્યુતભારનું વિદ્યુતસ્થિતિમાન ઋણ ગણવામાં આવે છે.

- **વિદ્યુતસ્થિતિમાનનું આલેખીય નિદર્શન :** બે વિદ્યુતભારોને જોડતી રેખાની દિશામાં ગતિ કરતાં વિદ્યુતસ્થિતિમાનમાં થતો ફેરફાર નીચેના આલેખમાં દર્શાવ્યો છે :







- જો *Source* વિદ્યુતભાર $q$ નો સ્થાનસદિશ $\vec{r}$ હોય, તો વિદ્યુતસ્થિતિમાનનો તફાવત

$$V_Q - V_P = kq\left(\frac{1}{|\vec{r}_Q - \vec{r}|} - \frac{1}{|\vec{r}_P - \vec{r}|}\right)$$

**બિંદુવત્ વિદ્યુતભારનું વીજ સ્થિતિમાન :**




$P$ બિંદુ પાસે વિદ્યુતસ્થિતિમાન

$$V_P = -\int_{\infty}^{P} \vec{E} \cdot d\vec{r}$$

$$\therefore \ V_P = \int_{P}^{\infty} \vec{E} \cdot d\vec{r}$$

પરંતુ બિંદુવત્ વિદ્યુતભારનું ક્ષેત્ર $\vec{E} = \frac{kq}{r^2}\hat{r}$

$$\therefore \ V_P = \int_{P}^{\infty} \frac{kq}{r^2} dr$$

$$\therefore \ V_P = kq \int_{r}^{\infty} \frac{1}{r^2} dr$$

$$\therefore \ V_P = kq\left[-\frac{1}{r}\right]_r^{\infty}$$

$$\boxed{V_P = \frac{kq}{r}} \quad \text{અથવા} \quad \boxed{V_P = \frac{1}{4\pi\epsilon_0}\frac{q}{r}}$$

આમ, બિંદુવત્ વિદ્યુતભારનું વીજ સ્થિતિમાન $V \propto \frac{1}{r}$.

**બે વિદ્યુતભારોના તંત્ર વડે મળતું શૂન્ય વિદ્યુતસ્થિતિમાન**

- જો બંને વિદ્યુતભારો સમાન હોય (like charge) તો ચોક્કસ (finite) અંતરે પરિણામી વિદ્યુતસ્થિતિમાન શૂન્ય મળતું નથી.
- જો બે વિદ્યુતભારો અસમાન મૂલ્યના અને વિજાતીય પ્રકારના હોય, તો શૂન્ય વિદ્યુતસ્થિતિમાનવાળાં બિંદુઓ એક બંધ વક્ર પર મળે છે.
- બે વિદ્યુતભારોને જોડતી રેખા પર શૂન્ય વિદ્યુતસ્થિતિમાન ધરાવતાં બે બિંદુઓ મળે છે. એક બંને વિદ્યુતભારોની વચ્ચે જ્યારે બીજું બહારની તરફ અને બંને ઓછા વિદ્યુતભારની નજીક હોય છે.
- $|Q_1| < |Q_2|$ માટે,

  બે વિદ્યુતભારોને જોડતી રેખા પર વચ્ચેના બિંદુ માટે,




$$d = \frac{r}{\frac{Q_2}{Q_1} + 1}$$

  બહારના બિંદુ માટે,




$$d = \frac{r}{\frac{Q_2}{Q_1} - 1}$$

**વિદ્યુતક્ષેત્રમાં થતું કાર્ય** (W) :

કોઈ વિદ્યુતભાર $q$ ને વિદ્યુતક્ષેત્રમાં રહેલા $V_1$ વીજસ્થિતિમાન ધરાવતા P બિંદુ પાસેથી $V_2$ વીજસ્થિતિમાન ધરાવતા Q બિંદુ પાસે લઈ જતાં થતું કાર્ય

$$W = q\,\Delta V$$
$$\therefore W = q(V_2 - V_1)$$

- વિદ્યુતભારિત કણ V જેટલા વિદ્યુતસ્થિતિમાનના તફાવત હેઠળ પ્રવેગિત ગતિ કરતો હોય ત્યારે તેને મળતી ગતિઊર્જા

$$K = qV$$
$$\therefore \frac{1}{2} mv^2 = qV$$
$$\therefore v = \sqrt{\frac{2qV}{m}}$$

$\therefore$ વિદ્યુતભારિત કણનું વેગમાન $p = \sqrt{2qVm}$ .

- **વિદ્યુતસ્થિતિમાન પ્રચલન :** $\left(\frac{dv}{dr}\right)$ એકમ અંતર દીઠ વિદ્યુતસ્થિતિમાનના તફાવતને વિદ્યુતસ્થિતિમાન પ્રચલન કહે છે.

  તેનો SI એકમ $Vm^{-1}$ છે.

---

(105) –10 V વિદ્યુતસ્થિતિમાન ધરાવતાં બિંદુ પાસે રહેલા 4 C વિદ્યુતભારને V વૉલ્ટ વિદ્યુતસ્થિતિમાન ધરાવતાં બિંદુ પર લઈ જતાં થતું કાર્ય 100 J હોય તો V = ______________ V.

(A) 10　　(B) 15　　(C) 20　　(D) 5

(106) 14 cm ત્રિજ્યા ધરાવતાં એક અવાહક ગોળાને કેટલા વિદ્યુતસ્થિતિમાને ચાર્જ કરવો જોઈએ કે જેથી તેની પૃષ્ઠ ઘનતા $1\,\mu C\,m^{-2}$ મળે ?

(A) 12,420 V (B) 15,200 V (C) 15,820 V (D) 20,000 V

(107) એક સુવાહક તાર પર $200\,\mu C$ જેટલો વિદ્યુતભાર સમાન રીતે પથરાયેલ છે. આ તારને 10 cm ત્રિજ્યા ધરાવતા વર્તુળમાં ફેરવવામાં આવે, તો તેના કેન્દ્ર પર વિદ્યુતસ્થિતિમાન ______ V.

(A) $18 \times 10^6$ (B) $12 \times 10^6$ (C) $9 \times 10^9$ (D) $15 \times 10^{10}$

(108) 30 nC અને –20 nC વિદ્યુતભાર ધરાવતા બે કણોને એકબીજાથી 15 cm અંતરે રાખેલા છે. આ બંને કણોને જોડતી રેખા પર ______ બિંદુઓએ વિદ્યુતસ્થિતિમાન શૂન્ય થાય.

(A) 45 cm, 200 cm (B) 40 cm, 100 cm (C) 80 cm, 150 cm (D) 9 cm, 45 cm

(109) એક વિદ્યુતક્ષેત્રમાં બિંદુઓ P અને Q આગળ વિદ્યુતસ્થિતિમાન અનુક્રમે 10 V અને –4 V છે, તો 100 ઈલેક્ટ્રૉન્સનો P થી Q સુધી લઈ જવામાં થતું કાર્ય ______ J.

(A) $2.24 \times 10^{-16}$ (B) $-19 \times 10^{-17}$ (C) $9.6 \times 10^{-17}$ (D) $-2.24 \times 10^{-16}$

(110) આકૃતિમાંના ચોરસનાં શિરોબિંદુઓ A અને D તથા B અને C વચ્ચે વિદ્યુતભારોની અદલાબદલી કરવામાં આવે, તો મધ્યકેન્દ્ર O આગળ વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ અને વિદ્યુતસ્થિતિમાન V પૈકી,




(A) $\vec{E}$ ન બદલાય પણ V બદલાય. (B) $\vec{E}$ અને V બંને બદલાય

(C) $\vec{E}$ અને V બંને બદલાય નહિ. (D) $\vec{E}$ બદલાય પરંતુ V બદલાશે નહિ.

(111) આકૃતિમાં દર્શાવ્યા મુજબ 0.1 m જેટલા લંબ અંતરે એકબીજાને સમાંતર બે ખૂબ જ મોટી પ્લેટો 1 અને 2 માટે $V_2 - V_1 = 20$ V છે. એક ઇલેક્ટ્રૉનને પ્લેટ-1ની અંદરની સપાટી પરથી સ્થિર સ્થિતિમાંથી મુક્ત કરવામાં આવે તો પ્લેટ-2 પર પહોંચતા સુધીમાં ઇલેક્ટ્રૉનનો વેગ ______ $ms^{-1}$.




(A) $32 \times 10^{-19}$ (B) $2.66 \times 10^6$ (C) $7.02 \times 10^{12}$ (D) $1.87 \times 10^6$

(112) ઊગમબિંદુ પર રહેલા બિંદુવત્ વિદ્યુતભાર $10^{-3}\,\mu C$ ને કારણે ઉદ્ભવતાં વિદ્યુતક્ષેત્રનાં બિંદુઓ $A\left(\sqrt{2}, \sqrt{2}\right)$ m તથા $B\,(2, 0)$ m વચ્ચે વિદ્યુતસ્થિતિમાનનો તફાવત ______ થાય.

(A) 4.5 V (B) 9 V (C) 2 V (D) શૂન્ય

(113) અવકાશમાં વિદ્યુતક્ષેત્ર $\vec{E} = 30x^2\hat{i}$ છે, તો વિદ્યુતસ્થિતિમાનનો તફાવત $V_A - V_0 =$ ______ જ્યાં

$V_0$ = ઉદ્‌ગમસ્થાન પાસેનું વિદ્યુતસ્થિતિમાન

$V_A$ = $x = 2$ m અંતરે આવેલા A બિંદુ પાસેનું વિદ્યુતસ્થિતિમાન

(A) 80 V (B) –80 V (C) 120 V (D) –120 V

(114) વિદ્યુતક્ષેત્રમાં A બિંદુ પાસે રહેલા 5 C વિદ્યુતભારને B બિંદુ પાસે લઈ જવા માટે વિદ્યુતક્ષેત્રની વિરુદ્ધમાં કરવું પડતું કાર્ય 20 J છે. જો A બિંદુનું વિદ્યુતસ્થિતિમાન 10 V હોય, તો બિંદુ B નું વિદ્યુતસ્થિતિમાન ______ V.

(A) શૂન્ય (B) 6 (C) 14 (D) 2.5

(115) આકૃતિમાં દર્શાવેલ બિંદુ $x$ પરથી $y$ પર પરિક્ષણ વિદ્યુતભાર $q$ ને લઈ જતાં થતું કાર્ય W = ______.




(A) $\frac{2kqQr}{a(a+r)}$ (B) $\frac{kQq}{r+2a}$ (C) $\frac{Qq}{r}$ (D) $\frac{2kQqa}{r(r+a)}$

(116) સમાન પરિમાણ ધરાવતાં $n$ નાનાં બૂંદો પર સમાન વિદ્યુતસ્થિતિમાન V વૉલ્ટ છે. તેઓ ભેગા મળીને એક મોટું બૂંદ બનાવે તો મોટા બૂંદ પર વિદ્યુત સ્થિતિમાન ______.

(A) $\frac{V}{n}$ (B) $Vn$ (C) $Vn^{\frac{1}{2}}$ (D) $Vn^{\frac{2}{3}}$

(117) Q c વિદ્યુતભારથી અમુક અંતરે આવેલા P બિંદુ પાસેનું વિદ્યુતસ્થિતિમાન 600 V અને વિદ્યુતક્ષેત્રની તીવ્રતા 150 $NC^{-1}$ હોય, તો આ બિંદુનું વિદ્યુતભાર $Q$ થી અંતર ______ m.

(A) 4 (B) 2 (C) 3.2 (D) 6.5

(118) આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે $a$ બાજુ ધરાવતા ચોરસ ABCD નાં શિરોબિંદુઓ પર અનુક્રમે $+q$, $+q$, $-q$ અને $-q$ વિદ્યુતભાર રાખેલ છે. જો E ચોરસની બાજુ BC નું મધ્યબિંદુ હોય, તો વિદ્યુતભાર $e$ ને ચોરસના કેન્દ્ર O થી E સુધી લઈ જવા માટે કરવું પડતું કાર્ય W = ______.




(A) $\frac{qe}{4\pi\epsilon_0}\left(\sqrt{2}-1\right)$ (B) શૂન્ય

(C) $\frac{qe}{4\pi\epsilon_0}\left(4\sqrt{2}-1\right)$ (D) $\frac{qe}{\pi\epsilon_0 a}\left(\frac{1}{\sqrt{5}}-1\right)$

(119) કાટકોણ ત્રિકોણ PQR ની PQ અને QR બાજુઓ અનુક્રમે 25 cm અને 60 cm છે. ધાતુના 2 cm ત્રિજ્યાવાળા વિદ્યુતભારિત અને $9 \times 10^5$ V વિદ્યુતસ્થિતિમાન ધરાવતા ગોળાને Q બિંદુ પાસે રાખેલ છે. 1 C વિદ્યુતભારને R થી P સુધી લઈ જવા માટે થતું કાર્ય W = ______.

(A) 2 kJ (B) 25 kJ (C) 42.12 kJ (D) 38.9 kJ

| |
|---|
| જવાબો : **105 (B), 106 (C), 107 (A), 108 (D), 109 (A), 110 (D), 111 (B), 112 (D), 113 (B), 114 (C), 115 (A), 116 (D), 117 (A), 118 (B), 119 (C)** |

## વિદ્યુત ડાઈપોલથી ઉદ્ભવતું વિદ્યુતસ્થિતિમાન




- P બિંદુ પાસે ઉદ્ભવતું કુલ વિદ્યુતસ્થિતિમાન

$$V_P = \frac{1}{4\pi\in_0}\frac{q}{r_+} - \frac{1}{4\pi\in_0}\frac{q}{r_-}$$

$$= \frac{q}{4\pi\in_0}\left[\frac{1}{r_+} - \frac{1}{r_-}\right]$$

$$= \frac{q}{4\pi\in_0}\left[\frac{r_- - r_+}{r_+ r_-}\right]$$

- P બિંદુ ઘણું દૂર હોવાથી $r >> 2a$ આ સંજોગોમાં $AB \parallel OP \parallel BP$ લઈ શકાય.

$\therefore \; r_- = r_+ = r$

તથા $r_- - r_+ = AM = 2a\cos\theta$

$$\therefore \; V(r) = \frac{q}{4\pi\in_0}\left(\frac{2a\cos\theta}{r^2}\right)$$

$$\therefore \; V(r) = \frac{1}{4\pi\in_0}\frac{p\cos\theta}{r^2}$$

- $\overrightarrow{OP}$ ની દિશામાંના એકમ સદિશને $\hat{r}$ તરીકે લખતાં $\vec{p}\cdot\hat{r} = p\cdot$

$$\therefore \; \vec{V}(r) = \frac{1}{4\pi\in_0}\frac{\vec{p}\cdot\hat{r}}{r^2}$$

- **વિદ્યુત ડાઈપોલની અક્ષ પર વિદ્યુતસ્થિતિમાન :** વિદ્યુત ડાઈપોલની અક્ષ પરના બિંદુ માટે $\theta = 0$ અથવા $\theta = \pi$.

$$\therefore \; \boxed{V = \pm\frac{1}{4\pi\in_0}\frac{p}{r^2}}$$

  - આપેલા બિંદુથી નજીકનો વિદ્યુતભાર $+q$ હોય, તો V ધન અને નજીકનો વિદ્યુતભાર $-q$ હોય તો V ઋણ મળે છે.

- **વિષુવ રેખા પરનું વિદ્યુતસ્થિતિમાન :** વિષુવ રેખા પરના બિંદુ માટે $\theta = \frac{\pi}{2}$. $\therefore \; V = 0$

  - કોઈ બિંદુએ વિદ્યુતસ્થિતિમાન $\vec{r}$ અને $\vec{p}$ વચ્ચેના ખૂણા પર આધારિત છે.

  - ડાઈપોલથી ઉદ્ભવતું સ્થિતિમાન અંતર સાથે $\frac{1}{r^2}$ મુજબ ઘટે છે.

## વિદ્યુતભાર તંત્ર વડે ઉદ્ભવતું વિદ્યુતસ્થિતિમાન

(i)




આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે $q_1, q_2, \cdots q_n$ વિદ્યુતભારો કોઈ બિંદુ p થી $r_1, r_2, \ldots r_n$ અંતરે આવેલા હોય, તો p બિંદુ પાસેનું કુલ વિદ્યુતસ્થિતિમાન,

$$V = \frac{kq_1}{r_1} + \frac{kq_2}{r_2} + ... + \frac{kq_n}{r_n}$$

$$\therefore \quad V = K\left[\frac{q_1}{r_1} + \frac{q_2}{r_2} + ... + \frac{q_n}{r_n}\right]$$

અથવા $V = \frac{1}{4\pi\in_0} \sum_{j=1}^{n} \frac{q_j}{r_j}$

(ii)




આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે $q_1, q_2, \cdots q_n$ વિદ્યુતભારોના યામાક્ષોના ઊગમબિંદુને અનુલક્ષીને સ્થાનસદિશો $\vec{r_1}, \vec{r_2}, ... \vec{r_n}$ હોય તથા p બિંદુનો સ્થાન સદિશ $\vec{r}$ હોય, તો $p$ બિંદુ પાસેનું કુલ વિદ્યુત-સ્થિતિમાન,

$$V = \frac{kq_1}{\left|\vec{r} - \vec{r_1}\right|} + \frac{kq_2}{\left|\vec{r} - \vec{r_2}\right|} + ... + \frac{kq_n}{\left|\vec{r} - \vec{r_n}\right|}$$

$$\therefore \quad V = k \sum_{j=1}^{n} \frac{q_j}{\left|\vec{r} - \vec{r_j}\right|}$$

**સતત વિદ્યુતભાર-વિતરણથી ઉદ્‌ભવતું વિદ્યુતસ્થિતિમાન :**

(i) રેખીય વિદ્યુતભાર ઘનતા $\lambda$ ધરાવતા $l$ લંબાઈના તાર વડે $\vec{r}$ અંતરે આવેલા p બિંદુ પાસે વિદ્યુતસ્થિતિમાન,

$$V = \frac{1}{4\pi\in_0} \int_l \frac{\lambda dl}{\left|\vec{r} - \vec{r'}\right|}$$

(ii) પૃષ્ઠ વિદ્યુતભાર ઘનતા $\sigma$ ધરાવતા A ક્ષેત્રફળવાળા પૃષ્ઠ વડે $\vec{r}$ અંતર આવેલા p બિંદુ પાસે વિદ્યુત-સ્થિતિમાન,

$$V = \frac{1}{4\pi\in_0} \int_A \frac{\sigma dA}{\left|\vec{r} - \vec{r'}\right|}$$

(iii) કદ વિદ્યુતભાર ઘનતા $\rho$ ધરાવતા V કદવાળા પદાર્થ વડે $\vec{r}$ અંતરે આવેલા p બિંદુ પાસે વિદ્યુતસ્થિતિમાન,

$$V = \frac{1}{4\pi\in_0} \int_V \frac{\rho dV}{\left|\vec{r} - \vec{r'}\right|}$$

**સમાન વિદ્યુતભાર-વિતરણ ધરાવતા ગોળીય કવચ વડે ઉદ્‌ભવતું વિદ્યુતસ્થિતિમાન :**

(i) કવચની ત્રિજ્યા R અને ગોળા પર કુલ $q$ વિદ્યુતભાર હોય, તો $r$ અંતરે આવેલા બિંદુએ વિદ્યુતસ્થિતિમાન

$V = \frac{1}{4\pi\in_0} \frac{q}{r}$ જ્યાં $r > R$.

(ii) કવચની સપાટી પર $V = \frac{1}{4\pi\epsilon_0}\frac{q}{R}$ જ્યાં $r = R$.

(iii) કવચની અંદર વિદ્યુતક્ષેત્ર શૂન્ય હોવાથી કવચની અંદર એકમ ધન વિદ્યુતભારને ગતિ દરમિયાન કઈ કાર્ય કરવું પડતું નથી. આથી દરેક બિંદુએ વિદ્યુતસ્થિતિમાન સમાન મળે છે. તે સપાટીના વિદ્યુત સ્થિતિમાન જેટલું છે :

$$V = \frac{1}{4\pi\epsilon_0}\frac{q}{R} \qquad r < R.$$

| **વિદ્યુતભારની વહેંચણી વિશેની માહિતી** | **વિદ્યુતક્ષેત્ર તથા વિદ્યુત સ્થિતિમાન** | **આલેખ** |
|---|---|---|
| 1. બિંદુવત્ વિદ્યુતભાર $Q$   | $E = k\frac{Q}{r^2}$ <br> $V = k\frac{Q}{r}$ |   |
| 2. રેખીય વિદ્યુતભાર   | $E_x = \frac{k\lambda}{r}(\sin\alpha + \sin\beta)$ <br> $E_y = \frac{k\lambda}{r}(\cos\beta + \sin\alpha)$ <br> $V = 2k\lambda \log.\left[\frac{\sqrt{r^2+l^2-1}}{\sqrt{r^2+l^2+1}}\right]$ | |
| | $E = \frac{kQr}{(r^2+R^2)^{\frac{3}{2}}}$ <br> સમતલનાં કેન્દ્ર પર <br> $r = 0$ તો $E_{\text{કેન્દ્ર પાસે}} = 0$ | |
| 3. વિદ્યુતભારિત ગોળીય રિંગ   | $r = \pm\frac{R}{\sqrt{2}}$ પાસે <br> $E_{max} = \frac{2kQ}{3\sqrt{3}R^2}$ <br> $r >> R$ પાસે <br> $E = \frac{kQ}{r^2}$ <br> $V = \frac{kQ}{(r^2+R^2)^{\frac{1}{2}}}$ <br> $r >> R$ પાસે <br> $V = \frac{kQ}{r}$ |     |

| વિદ્યુતભારની વહેંચણી<br>વિશેની માહિતી | વિદ્યુતક્ષેત્ર તથા<br>વિદ્યુત સ્થિતિમાન | આલેખ |
|---|---|---|
| 4. વર્તુળની ચાપ જેવો<br>વિદ્યુતભારિત સળિયો<br> | $E_{\text{કેન્દ્ર પાસે}} = \frac{2k\lambda}{R}\sin\theta$<br>વિશિષ્ટ કિસ્સો :<br>(i) જ્યારે $\theta = 45^\circ$<br>(ચોથા ભાગની રિંગ)<br>$E_{\text{કેન્દ્ર પાસે}} = \frac{\sqrt{2}k\lambda}{R}$<br>(ii) જ્યારે $\theta = 90^\circ$ (અડધી રિંગ)<br>$E_{\text{કેન્દ્ર પાસે}} = \frac{2k\lambda}{R}$<br>(iii) જ્યારે $\theta = 135^\circ$<br>(ત્રીજા ભાગની રિંગ)<br>$E_{\text{કેન્દ્ર પાસે}} = \frac{\sqrt{2}k\lambda}{R}$<br>$V_{\text{કેન્દ્ર પાસે}} = 2k\lambda\theta$ ($\theta$ *rad.* માં) | |
| 5. નિયમિત (સતત) રીતે<br>વિદ્યુતભારિત તકતી<br> | $E = \frac{\sigma}{2\varepsilon_0}\left[1 - \frac{r}{\sqrt{r^2 + R^2}}\right]$<br>$r \to 0$, પાસે $E = \frac{\sigma}{2\varepsilon_0}$,<br>તકતીની નજીકનાં બિંદુઓ<br>માટે તે વિદ્યુતભારિત<br>શીટની જેમ વર્તશે.<br>$V = \frac{\sigma}{2\varepsilon_0}\left[1 - \sqrt{r^2 + R^2} - r\right]$ | |
| 6. અનંત પાતળી<br>વિદ્યુતભારિત શીટ<br> | કોઈ પણ બિંદુએ<br>$E = \frac{\sigma}{2\varepsilon_0}$<br>$V = \frac{\sigma r}{2\varepsilon_0} + C$ |  |

| વિદ્યુતભારની વહેંચણી વિશેની માહિતી | વિદ્યુતક્ષેત્ર તથા વિદ્યુત સ્થિતિમાન | આલેખ |
|---|---|---|
| 7. બે અનંત, પાતળી વિદ્યુતભારિત શીટ<br><br> | $E_A = -\frac{\sigma}{\varepsilon_0}$<br>$E_B = 0$<br>$E_C = \frac{\sigma}{\varepsilon_0}$ | |
| 8. વિદ્યુતભારિત વાહક ગોળો<br><br> | $E_a = \frac{kQ}{r^2}$ $(r > R)$<br>$E_b = \frac{kQ}{R^2}$ $(r = R)$<br>$E_c = 0$ $(r < R)$<br>$V_a = \frac{kQ}{r}$ $(r > R)$<br>$V_b = \frac{kQ}{R}$ $(r = R)$<br>$V_c = \frac{kQ}{R}$ $(r < R)$ | <br><br><br> |
| 9. નિયમિત રીતે વિદ્યુતભારિત કરેલો અવાહક ગોળો<br><br> | $E_a = \frac{kQ}{r^2}$ $(r > R)$<br>$E_b = \frac{kQ}{R^2}$ $(r = R)$<br>$E_c = \frac{kQr}{R^3}$ $(r < R)$<br>$V_a = \frac{kQ}{r}$ $(r > R)$<br>$V_b = \frac{kQ}{R}$ $(r = R)$<br>$V_c = \frac{kQ(3R^2 - r^2)}{2R^3}$ $(r = R)$<br>$V_{\text{કેન્દ્ર પાસે}} = \frac{3}{2} V_b$ | <br><br><br> |

| વિદ્યુતભારની વહેંચણી વિશેની માહિતી | વિદ્યુતક્ષેત્ર તથા વિદ્યુત સ્થિતિમાન | આલેખ |
|---|---|---|
| 10. અનંત લંબાઈનો વિદ્યુતભારિત<br>વાહક નળાકાર<br><br><br>*R* નળાકારની ત્રિજ્યા | $E_{બહાર} = \frac{2k\lambda}{r}$ $(r > R)$<br>$E_{અંદર} = 0$ $(r < R)$<br>$E_{સપાટી\ પર} = \frac{2k\lambda}{R}$ $(r = R)$<br>$V_{બહાર} = 2k\lambda \log r$ $(r > R)$<br>$V_{અંદર} = 2k\lambda \log R$ $(r < R)$<br>$V_{બહાર} = 2k\lambda \log R$ $(r = R)$ | <br> |
| 11. અનંત લંબાઈનો નિયમિત<br>રીતે વિદ્યુતભારિત વાહક<br>નળાકાર<br><br><br>R નળાકારની ત્રિજ્યા | $E_{બહાર} = \frac{2k\lambda}{r}$ $(r > R)$<br>$E_{અંદર} = \frac{2k\lambda r}{R^2}$ $(r < R)$<br>$E_{સપાટી\ પર} = \frac{2k\lambda}{R}$ $(r = R)$<br>$V_{બહાર} = 2k\lambda \log r$ $(r > R)$<br>$V_{અંદર} = 2k\lambda\left(1 - \frac{r^2}{R^2}\right)$ $(r < R)$<br>$V_{બહાર} = 2k\lambda \log R$ $(r = R)$ | <br> |

(120) R ત્રિજ્યાની પાતળી રિંગ પર $Q$ જેટલો ધન વિદ્યુતભાર સમાન રીતે પથરાયેલો છે. જો ઇલેક્ટ્રૉન શરૂઆતમાં બિંદુ A પાસે સ્થિર હોય કે જે હંમેશાં રિંગની અક્ષ અને કેન્દ્રથી ઘણું દૂર છે, તો જ્યારે ઇલેક્ટ્રૉન રિંગના કેન્દ્રમાંથી પસાર થાય ત્યારે તેનો વેગ ______.

(A) $\sqrt{\frac{2kQe}{mR}}$ (B) $\sqrt{\frac{kQe}{m}}$ (C) $\sqrt{\frac{kme}{QR}}$ (D) $\sqrt{\frac{kQe}{mR}}$

(121) આકૃતિમાં વિદ્યુત ચતુર્ધ્રુવી (quadrupole) દર્શાવેલ છે. આ ચતુર્ધ્રુવીની અક્ષના કેન્દ્રથી $r$ અંતરે આવેલા બિંદુ પરનું વિદ્યુતસ્થિતિમાન ______ છે.




(A) $\dfrac{2qa^2}{4\pi\epsilon_0\, r\left(r^2+a^2\right)}$ (B) $\dfrac{2qa^2}{4\pi\epsilon_0\, r\left(r^2-a^2\right)}$ (C) $\dfrac{2qa^2}{4\pi\epsilon_0\, r^3}$ (D) $\dfrac{qa^2}{4\pi\epsilon_0\, r^3}$

(122) R ત્રિજ્યા ધરાવતો એક નક્કર ગોળો સમાન રીતે વિદ્યુતભારિત થયેલો છે. તેની સપાટીથી કેટલા અંતરે સ્થિત વિદ્યુતસ્થિતિમાન તેના કેન્દ્રના વિદ્યુતસ્થિતિમાનથી અડધું થાય ?

(A) $\dfrac{R}{2}$ (B) R (C) $\dfrac{R}{3}$ (D) $\dfrac{4R}{3}$

(123) R ત્રિજ્યાવાળી અર્ધ વર્તુળાકાર રિંગ એકમ લંબાઈદીઠ $\lambda$ વિદ્યુતભાર ધરાવે છે, તો તેના કેન્દ્ર પરનું વિદ્યુત-સ્થિતિમાન ______________.

(A) $\dfrac{k\lambda}{2\pi R}$ (B) $\dfrac{k\lambda}{R}$ (C) $\dfrac{k\pi\lambda}{R}$ (D) $k\pi\lambda$

(124) $5\times10^{-12}$ Cm ડાઈપોલ મોમેન્ટ ધરાવતાં બે ડાઈપોલને તેમની અક્ષો યામાક્ષોને સમાંતર છેદે તેમ ગોઠવેલ છે, તો અક્ષ સાથે $30^\circ$ નો ખૂણો બનાવતી દિશામાં 20 cm દૂર આવેલા બિંદુ પાસે વિદ્યુતસ્થિતિમાન ______________ V.

(A) 1.536 (B) 1.12 (C) 1.25 (D) 2.12

(125) $2l$ લંબાઈવાળા પાતળા સળિયાના લંબ દ્વિભાજક પર અને સળિયાના કેન્દ્રથી $a$ અંતરે આવેલા બિંદુ પર સ્થિતિમાન ______________. (રેખિય વિદ્યુતભાર ઘનતા = $\lambda$)

(A) $\dfrac{\lambda}{\pi\epsilon_0}\ln\dfrac{l^2+a^2}{l^2-a^2}$ (B) $\dfrac{\lambda}{4\pi\epsilon_0}\ln\dfrac{\sqrt{l^2+a^2}+l}{\sqrt{l^2+a^2}-l}$

(C) $\dfrac{\lambda}{\pi\epsilon_0}\ln\dfrac{\sqrt{l^2+a^2}}{\sqrt{l^2-a^2}}$ (D) શૂન્ય

(126) R ત્રિજ્યા અને $\sigma$ વિદ્યુતભાર ઘનતા વિદ્યુતભારિત અર્ધ ગોળાના કેન્દ્ર પરનું વિદ્યુતસ્થિતિમાન ______________.

(A) $\dfrac{\sigma R}{4\epsilon_0}$ (B) $\dfrac{\sigma R}{\epsilon_0}$ (C) $\dfrac{R}{4\sigma\epsilon_0}$ (D) $\dfrac{\sigma R}{2\epsilon_0}$

(127) $\sigma_1$ અને $\sigma_2$ વિદ્યુતભાર ઘનતા $(\sigma_1>\sigma_2)$ ધરાવતા બે સમાન વિદ્યુતભારિત સમતલો $S_1$ અને $S_2$ ને સમાંતર એકબીજાથી $d$ અંતરે ગોઠવેલ છે. બંને સમતલોને લંબરૂપે જોડતી રેખા સાથે $45^\circ$ નો ખૂણો બનાવતી $a$ લંબાઈની રેખા (જ્યાં $a<d$) પર $q$ વિદ્યુતભાર છે. વિદ્યુતભારને લંબરૂપે ગતિ કરાવતા ક્ષેત્ર દ્વારા થતું કાર્ય W = ______________.

(A) $\dfrac{(\sigma_1-\sigma_2)\epsilon_0}{2qa}$ (B) $\dfrac{q(\sigma_1+\sigma_2)\,a}{\sqrt{2}\,\epsilon_0}$ (C) $\dfrac{(\sigma_1-\sigma_2)\,a}{2\epsilon_0\, q}$ (D) $\dfrac{q(\sigma_1-\sigma_2)\,a}{\sqrt{2}\,\epsilon_0}$

(128) 0.5 m ત્રિજ્યાના એક અવાહક વલય પરનો કુલ વિદ્યુતભાર $1.11 \times 10^{-10}$ C છે. જે તેના પરિઘ પર અસમાન રીતે વહેંચાયેલો છે. તેની આસપાસના વિદ્યુતક્ષેત્રમાં $\int_{l=\infty}^{l=0} -\vec{E} \cdot \vec{dr}$ નું મૂલ્ય ________ V. $l = 0$ વલયનું કેન્દ્ર છે.

(A) –1 (B) +2 (C) –2 (D) શૂન્ય

(129) આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે A, B અને C સમકેન્દ્રીય ધાતુની કવચોની ત્રિજ્યાઓ અનુક્રમે $a$, $b$ અને $c$ છે. $(a < b < c)$. તેમની પૃષ્ઠ ઘનતાઓ અનુક્રમે $\sigma, -\sigma$ અને $\sigma$ છે, તો કવચ-A ની સપાટી પરનું વિદ્યુત સ્થિતિમાન ________.




(A) $\frac{-\sigma}{\epsilon_0}(a+b+c)$ (B) $\frac{\sigma}{\epsilon_0}(a+b+c)$ (C) $\frac{\sigma}{\epsilon_0}(b-a-c)$ (D) $\frac{\sigma}{\epsilon_0}(a-b+c)$

(130) ધાતુની બે સમકેન્દ્રીય ગોળાકાર કવચની ત્રિજ્યાઓ અનુક્રમે $R_1$ અને $R_2$ છે, તથા તેમના પરનો વિદ્યુતભાર અનુક્રમે $Q_1$ અને $Q_2$ એવો છે કે બંને ગોળા પર વિદ્યુતભારની પૃષ્ઠ ઘનતા એક સમાન $\sigma$ છે, તો તેમના કેન્દ્ર પર ઉદ્ભવતું સ્થિતિમાન કેટલું હશે ?

(A) $\frac{\sigma}{\epsilon_0}\left(\frac{R_1}{R_2}\right)$ (B) $\frac{\sigma}{\epsilon_0}(R_1-R_2)$ (C) $\frac{\sigma}{\epsilon_0}(R_1+R_2)$ (D) $\frac{\sigma}{\epsilon_0}\left(\frac{R_2}{R_1}\right)$

(131) ધાતુના પોલા ગોળાની ત્રિજ્યા $a$ છે. જો તેના કેન્દ્રથી $a$ અને $3a$ અંતરે રહેલાં બિંદુઓ વચ્ચેનો વિદ્યુત-સ્થિતિમાનનો તફાવત V હોય, તો તેના કેન્દ્રથી $3a$ અંતરે વિદ્યુતક્ષેત્ર ________.

(A) $\frac{V}{6a}$ (B) $\frac{V}{3a}$ (C) $\frac{V}{4a}$ (D) $\frac{V}{2a}$

(132) બે બિંદુઓ A અને B વચ્ચેનું અંતર $2L$ છે. આ બિંદુઓ પર અનુક્રમે $+q$ અને $-q$ વિદ્યુતભાર મૂકેલા છે. બિંદુ C એ બિંદુ A અને B ના મધ્યબિંદુએ છે. $+Q$ વિદ્યુતભારને અર્ધ વર્તુળાકાર માર્ગ CRD એ ગતિ કરાવવા માટે કરવું પડતું કાર્ય ________.

(A) $\frac{qQ}{2\pi\epsilon_0 L}$ (B) $\frac{qQ}{6\pi\epsilon_0 L}$ (C) $\frac{-qQ}{6\pi\epsilon_0 L}$ (D) $\frac{qQ}{4\pi\epsilon_0 L}$

(133) R ત્રિજ્યાની પાતળી બે રિંગો વચ્ચેના કેન્દ્રનું અંતર $d$ છે. બંને રિંગની અક્ષ એકબીજા પર સંપાત થાય છે. આ રિંગ પરનો વિદ્યુતભાર અનુક્રમે $+Q$ અને $-Q$ છે. આ બે રિંગના કેન્દ્ર વચ્ચેનો વિદ્યુતસ્થિતિમાનનો તફાવત ________.

(A) શૂન્ય

(B) $\frac{Q}{4\pi\epsilon_0}\left[\frac{1}{R}-\frac{1}{\sqrt{R^2+d^2}}\right]$

(C) $\frac{QR}{2\pi\epsilon_0 d^2}$

(D) $\frac{Q}{2\pi\epsilon_0}\left[\frac{1}{R}-\frac{1}{\sqrt{R^2+d^2}}\right]$

| |
|---|
| જવાબો : **120 (A), 121 (B), 122 (C), 123 (D), 124 (A), 125 (B), 126 (D), 127 (D), 128 (B), 129 (D), 130 (C), 131 (A), 132 (C), 133 (D)** |

**સમ સ્થિતિમાન પૃષ્ઠો :** જે પૃષ્ઠ (સપાટી) પરનાં બધાં બિંદુઓ પાસે વિદ્યુતસ્થિતિમાન એક સમાન હોય તે પૃષ્ઠને સમ સ્થિતિમાન પૃષ્ઠ કહે છે.

- સમ સ્થિતિમાન પૃષ્ઠ પર કોઈ પણ બે બિંદુઓ વચ્ચે વિદ્યુતસ્થિતિમાનનો તફાવત હંમેશાં શૂન્ય હોય છે.
- સમ સ્થિતિમાન પૃષ્ઠ પર વિદ્યુતભારને ગતિ કરાવતા થતું કાર્ય હંમેશાં શૂન્ય હોય છે.
- સમ સ્થિતિમાન પૃષ્ઠો કદાપિ એકબીજાને છેદતા નથી.
- સમ સ્થિતિમાન પૃષ્ઠની સપાટી પર વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ હંમેશાં પૃષ્ઠને લંબ હોય છે.
- કોઈ પણ સુવાહક ધાતુની સપાટી સમ સ્થિતિમાન પૃષ્ઠ ગણી શકાય કારણ કે તેની પર આપવામાં આવતો વિદ્યુતભાર સમગ્ર સપાટી પર એકસરખો વહેંચાય છે.
- બિંદુવત્ વિદ્યુતભાર $q$ માટે સમ સ્થિતિમાન પૃષ્ઠો, આ વિદ્યુતભારને કેન્દ્ર તરીકે લઈને દોરેલા ગોળાઓની સપાટીઓ છે.
- સમ સ્થિતિમાન પૃષ્ઠો હંમેશાં ગોળાકાર હોય તેવું જરૂરી નથી. જેમકે વિદ્યુતભારના રેખીય વિતરણ વડે મળતું સમ સ્થિતિમાન પૃષ્ઠ નળાકાર હોય છે.

**વિદ્યુતક્ષેત્ર અને વિદ્યુતસ્થિતિમાન વચ્ચેનો સંબંધ**

- અસમાન વિદ્યુતક્ષેત્ર માટે $E = -\frac{dV}{dr}$
- સમાન વિદ્યુતક્ષેત્ર માટે $E = \frac{V}{d} \Rightarrow V = Ed$
- અવકાશમાં કોઈ બિંદુ પાસે વિદ્યુતક્ષેત્ર અને વિદ્યુતસ્થિતિમાન વચ્ચેનો સંબંધ $E = -\frac{dV}{dr}$
- વ્યાપક રૂપે (ત્રિપરિમાણમાં) $\vec{E} = -\left(\frac{\partial V}{\partial x}\hat{i} + \frac{\partial V}{\partial y}\hat{j} + \frac{\partial V}{\partial z}\hat{k}\right)$

---

(134) આકૃતિમાં સમ સ્થિતિમાન પૃષ્ઠો દર્શાવ્યા છે, તો વિદ્યુતક્ષેત્રની તીવ્રતા ______.




(A) $200\ Vm^{-1}$, $X$ – અક્ષ સાથે $120^\circ$ ના ખૂણે (B) $100\ Vm^{-1}$, $X$ – અક્ષ સાથે $50^\circ$ ના ખૂણે

(C) $50\ Vm^{-1}$, $X$ – અક્ષની દિશામાં (D) $100\ Vm^{-1}$, $Y$ – અક્ષની દિશામાં

(135) આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બે સમ-સ્થિતિમાન પૃષ્ઠો એકબીજાની નજીક સમાંતર રૂપે $r$ અંતરે ગોઠવેલ છે. એક બિંદુવત્ વિદ્યુતભાર $q$ ને પૃષ્ઠ A પરથી પૃષ્ઠ B પર લઈ જતાં થતું કાર્ય ______.




(A) $\frac{1}{4\pi \in_0} \frac{q}{r}$ (B) $q\,(V_A - V_B)$

(C) $-\frac{1}{4\pi \in_0} \frac{q}{r}$ (D) $q\,(V_B - V_A)$

(136) બિંદુવત્ વિદ્યુતભાર $q$ ના વિદ્યુતક્ષેત્રમાં એક વિદ્યુતભારને બિંદુ A થી B, C, D અને E પાસે લઈ જવામાં આવે છે, તો થતું કાર્ય ____________.




(A) પથ AB પર સૌથી ઓછું છે.

(B) પથ AD પર સૌથી ઓછું છે.

(C) AB, AC, AD અને AE પથ પર શૂન્ય છે.

(D) પથ AE પર સૌથી ઓછું છે.

(137) એક બિંદુવત્ વિદ્યુતભાર $q$ બિંદુ P થી બિંદુ S સુધી PQRS. માર્ગે સમાન વિદ્યુતક્ષેત્રમાં ગતિ કરે છે. બિંદુ P, Q, R અને S ના યામ અનુક્રમે $(a, b, 0)$, $(2a, 0, 0)$, $(a, -b, 0)$ અને $(0, 0, 0)$ છે. આ પ્રક્રિયા દરમિયાન વિદ્યુતક્ષેત્ર દ્વારા થતું કાર્ય ____________.




(A) $qEa$ (B) $-qEa$

(C) $qEa\sqrt{2}$ (D) $qE\sqrt{(2a)^2 + b^2}$

(138) કોઈ એક વિસ્તારમાં વિદ્યુતક્ષેત્ર $\vec{E} = \frac{A}{x^3}\hat{i}$ વડે આપી શકાય છે. આ વિસ્તારમાં વિદ્યુતસ્થિતિમાનનું મૂલ્ય ____________. અનંત અંતરે વિદ્યુતસ્થિતિમાન શૂન્ય ધારો.

(A) $\frac{2A}{x^2}$ (B) $\frac{A}{2x^2}$ (C) શૂન્ય (D) $\frac{-A}{x^3}$

(139) વિદ્યુતક્ષેત્ર $\vec{E} = y\hat{i} + x\hat{j}$ નું વિદ્યુતસ્થિતિમાન કેટલું થાય ?

(A) $V = -xy + C$ (B) $V = -(x + y) + C$ (C) $V = -(x^2 + y^2) + C$ (D) $V = C$

(140) એક બિંદુ $(x, y, z)$ આગળનું વિદ્યુતસ્થિતિમાન $V = -x^2y - xz^3 + 4$ છે. આ બિંદુએ વિદ્યુતક્ષેત્રની તીવ્રતા ____________.

(A) $\vec{E} = 2xy\hat{i} + (x^2 + y^2)\hat{j} + (3xz - y^2)\hat{k}$ (B) $\vec{E} = z^3\hat{i} + xyz\hat{j} + z^2\hat{k}$

(C) $\vec{E} = (2xy - z^3)\hat{i} + xy^2\hat{j} + 3z^2x\hat{k}$ (D) $\vec{E} = (2xy + z^3)\hat{i} + x^2\hat{j} + 3xz^2\hat{k}$

(141) બિંદુ $(x, y, z)$ આગળનું વિદ્યુતસ્થિતિમાન $V = 4x^2$ V છે, તો બિંદુ $(1, 0, 2)$ આગળનું વિદ્યુતક્ષેત્ર ______ $Vm^{-1}$.

(A) 16, +X દિશામાં
(B) 8, +X દિશામાં
(C) 8, –X દિશામાં
(D) 16, –X દિશામાં

(142) X-અક્ષ પર રહેલા વિદ્યુતભારથી $x$ બિંદુ પાસે વિદ્યુત સ્થિતિમાન $V(x) = \frac{20}{x^2 - 4}$ V વડે અપાય છે. જ્યાં $x$ એ μm માં છે, તો $x = 4$ μm અંતરે વિદ્યુતક્ષેત્ર ______.

(A) $\frac{10}{9}$ $V\mu m^{-1}$, + X દિશામાં
(B) $\frac{5}{3}$ $V\mu m^{-1}$, – X દિશામાં
(C) $\frac{5}{3}$ $V\mu m^{-1}$, + X દિશામાં
(D) $\frac{10}{9}$ $V\mu m^{-1}$, – X દિશામાં

(143) નીચેની આકૃતિમાં કોઈ બિંદુ પાસે વિદ્યુતસ્થિતિમાન → અંતર R નો આલેખ દર્શાવ્યો છે. R = 5 m અંતરે વિદ્યુતક્ષેત્ર ______.




(A) 2.5 $Vm^{-1}$
(B) –2.5 $Vm^{-1}$
(C) $\frac{2}{5}$ $Vm^{-1}$
(D) $\frac{-2}{5}$ $Vm^{-1}$

(144) $xz$ સમતલમાં આવેલ બિંદુ $(x, z)$ પાસે વિદ્યુતસ્થિતિમાન $V = -Kxz$ વડે આપવામાં આવે છે, તો ઊગમબિંદુથી $r$ અંતરે વિદ્યુતક્ષેત્રની તીવ્રતા $E \propto$ ______.

(A) $r^2$
(B) $\frac{1}{r}$
(C) $r$
(D) $\frac{1}{r^3}$

(145) વિદ્યુતસ્થિતિમાન V અંતર $y$ વચ્ચેનો સંબંધ $V = 5 + 4y^2$, $y = 0.5$ m અંતરે આવેલા –2 μC વિદ્યુતભાર પર લાગતું બળ ______ N.

(A) $4 \times 10^{-6}$
(B) $2 \times 10^{-6}$
(C) $6 \times 10^{-6}$
(D) $8 \times 10^{-6}$

(146) આકૃતિમાં કેટલાક સમ સ્થિતિમાન પૃષ્ઠો દર્શાવેલ છે. દરેક પૃષ્ઠ પર વિદ્યુતક્ષેત્રનું મૂલ્ય ______ $Vm^{-1}$.




(A) $\frac{3}{r^2}$
(B) $\frac{6}{r^2}$
(C) $\frac{9}{r^2}$
(D) શૂન્ય

(147) $r$ ત્રિજ્યાના ચાપ પર રેખીય વિદ્યુતભાર ઘનતા $\lambda$ છે. જો ચાપ દ્વારા કેન્દ્ર પાસે બનતો ખૂણો $\frac{\pi}{3}$ હોય, તો કેન્દ્ર પાસે વિદ્યુતસ્થિતિમાન ______________.

(A) $\frac{\lambda}{4\epsilon_0}$ (B) $\frac{\lambda}{8\epsilon_0}$ (C) $\frac{\lambda}{12\epsilon_0}$ (D) $\frac{\lambda}{16\epsilon_0}$

| |
|---|
| જવાબો : **134 (A), 135 (D), 136 (C), 137 (B), 138 (B), 139 (A), 140 (D), 141 (C), 142 (A), 143 (A), 144 (C), 145 (D), 146 (B), 147 (C)** |

## બિંદુવત્ વિદ્યુતભારોના તંત્રની સ્થિતિઊર્જા

- બિંદુવત્ વિદ્યુતભાર $q$ ની સ્થિતિઊર્જા $U_p = qV_p$ (વિદ્યુતક્ષેત્રના કોઈ બિંદુ $p$ પાસે)

- **બે બિંદુવત્ વિદ્યુતભારોના તંત્રની સ્થિતિઊર્જા :**




$$U = \frac{kq_1q_2}{r}$$

